અમદાવાદ (ગ્રામ્ય) ની ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ કોર્ટ, રૂમ નં. 513, પાંચમો માળ, મીરઝાપુર, અમદાવાદ.

**ફોજદારી કેસ નં.25296/21**

ફરીયાદીઃ–                    શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપીઃ–          રાજેન્દ્ર જોઈતા રામ પંચાલ.

રહે. રાણીપ અમદાવાદ

ફરીયાદી તર્ફે એ. પી. પી. શ્રી અને આરોપી તર્ફે વિ. વ. શ્રી

ગુનોઃ–          ઈ. પી. કો. કલમ – 279, M. 184 મુજબ.

**–: ચુ કા દો :–**

1. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ચાર્જશીટમાં દર્શાવેલ વિગતે પોતાના હવાલાવાળુ વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી ફરીયાદી / સાહેદને ટકકર મારી પાડી દઈ, શરીરના જુદા જુદા ભાગે ઈજાઓ પહોંચાડી ઈ. પી. કો. કલમ – 279 મુજબનો ગુનો કરેલ છે.
2. ઉપરોકત ફરીયાદના કામે તપાસ મળતા ત. ક. અમલદારશ્રીએ તપાસ કરતા તેમજ સાહેદોના નિવેદનો નોંધતા અને ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલ અને તપાસ દરમ્યાન આ કામના આરોપી વિરૂધ્ધ ગુનો બનતો હોઈ આરોપીની અટક કરી પુછપરછ કરી આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવાઓ મળી આવતા આરોપીની ધરપકડ કરી આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ ફાઈલ કરેલ.
3. ત. ક. અમલદાર દ્વારા આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ ફાઈલ થતાં આરોપી વિરૂધ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે આરોપીને સી. આર. પી. સી. ની કલમ – 207 મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડયાની ખાત્રી કર્યા બાદ આરોપીની પ્લી આંક.........થી લેતાં આરોપીએ તેમની સમક્ષનો ગુનો કબુલ કરેલ છે.
4. આ કામના આરોપીએ આજ રોજ ગુના કબુલાત પુરસીસ આંક..........થી આપેલ છે. જેમાં આ કામના આરોપીએ ગુના કબુલાત પુરસીસ આજ રોજ આપી ગુનો કબુલ કરવા માંગીએ છીએ તેમ જણાવેલ છે.
5. આરોપીએ રજુ કરેલ કબુલાત પુરસીસ, આરોપીની આર્થીક સામાજિક સ્થીતી તથા સદર આરોપીએ કરેલ ગુનો અને તે ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઈઓ વિગેરેને ઘ્યાને લેતા સદરહુ આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવે અને તેને યોગ્ય દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેમ માની નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: આ ખ રી હુ ક મ :–**

આ કામના આરોપીને ક્રિ. પ્રો. કોડની કલમ – 252 અન્વયે ઈ. પી. કો. કલમ – 279, 184 મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂ. 500/– અંકે રૂપિયા પાંચસો પુરાનો દંડ અને જો આરોપી દંડ ન ભરે તો દિન – 7 ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

તા. 11/12/2021
અમદાવાદ

(વનરાજસિંહ આપાભાઈ ધાધલ)
UIC CODE NO. GJ00891
ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ
અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર.